25 સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ





# તમારા જવાબો જાતે શોધો

બુદ્ધનો જવાબ તમારો જવાબ કેવી રીતે બની શકે? બુદ્ધના પહેલા ઘણા બુદ્ધ થયા હતા, તેમના જવાબ બુદ્ધના જવાબ ન બની શક્યા. જીસસનો જવાબ તમારો જવાબ કેવી રીતે બની શકે? તેઓએ પોતાના જવાબ જાતે જ શોધવા પડ્યા તેમને તેમના જવાબ માટે ત્યાગ કરવો પડ્યો. કુરબાની આપવી પડી. તમે પોતાના ખભા ઉપર હજુ સૂળી નથી ઊંચકી. તમે તેને વિલંબિત કરતા રહ્યા છો, તમે પલાયન કરતા રહ્યા છો, તમારો તર્ક શુતુરમુર્ગનો તર્ક છે. પોતાની આખોં ખોલો! સમસ્યા મોટી છે અત્યધિક વિશાળ છે અને સ્વાભાવિક પ્રવૃત્તિ એ છે કે આંખો બંધ કરી લો અને બધું ભૂલી જાઓ. કોઈ વ્યસ્તતા શોધી લો, કોઈ બંધન, કોઈ વસ્તુમાં સંલગ્ન થઈ જાઓ અને આ વિશે બધું ભૂલી જાઓ. ફક્ત ધર્મ તમને આ દુર્ગંધથી પાર લઈ જઈ શક્શે પરંતુ જ્યારે હું કહું છું ધર્મ તો મારો અર્થ ઈસાઈ, હિંદુ, મુસલમાનથી નથી. મારો અર્થ ધાર્મિક્તાથી છે. વાસ્તવિક ધર્મને એ દેખાય છે કે શું ક્ષણિક છે અને શું નશ્વર છે. વાસ્તવિક ધર્મ ફક્ત કામચલાઉ જીવન પ્રવાહની વાતો કરે છે. સવારે હું પુષ્પ હતો અને સાંજ થતાં થતાં હું મટી ગયો...થોડાક દિવસો પહેલાં પાંદડાં કેટલાં લીલાં હતાં હવે પીળા અને વૃક્ષ પરથી પડી ગયાં અને પવન તેમની સાથે રમી રહ્યો છે અને માણસ એટલો યુવાન હતો અને હવે તે વૃદ્ધ થઇ ગયો. બધી જ વસ્તુ પરિવર્તિત થઇ રહી છે. પરિવર્તન સિવાય બધી જ વસ્તુ પરિવર્તિત થઇ રહી છે. પરિવર્તન પરમાત્મા છે કારણ કે ફક્ત પરિવર્તન જ અનંત છે. વાસ્તવિક ધર્મ એ જ જોય છે કે શું ક્ષણિક છે અને ફક્ત નશ્વર છેઃ આકાશમાં તૂટતા તારા, લીલા ફૂલની સુગંધ, બાળકનું કિલ્લોલ, કોઈની આંખોમાં ખુશીનાં અશ્રુ, હવાઓનો પોકાર, બસ હવા...વાસ્તવિક ધર્મ આ જીવનને જુએ છે અને પારને પામી લે છે, બીજી વાસ્તવિકતા અન્ય કશો જ નથી, બીજી વાસ્તવિકતા આ વાસ્તવિકતામાં છુપાયેલી છે. આ વાસ્તવિકતા અન્ય વાસ્તવિકતા છે! ભેદ તમારી દ્રષ્ટિમાં છે. જો તમારામાં ગહરાઇ હશે તો તમે જોઇ શકશો કે આ વાસ્તવિકતા અન્ય વાસ્તવિકતા છે. જો તમે ગહરાઈથી જીવતા જાણો છો-અને ત્યારે જ તમે ગહરાઈથી જીવવાનું જાણી શકશો જો તમે સતત અતીતના પ્રત્યે મૃત થતા જાઓ અને ભવિષ્યમાં જન્મ લેતા જાઓ. અચાનક દ્વાર ખૂલે છે અને તમે એ જોઈ શકો છો જે છે. ક્ષણ માટે મન કામ કરતું બંધ થઈ જાય છે, મન પડી જાય છે અને તમે સત્યને જેવું છે તેવું જોઈ લો છો. તરત જ નવા મનનો જન્મ થશે અને જે ક્ષણે તેનો જન્મ થાય છે તે જ ક્ષણથી તે વૃદ્ધ થવા લાગશે ફરીથી તમારે તેને તીરોહિત કરવું પડશે. આને જ ધ્યાન કહેવાય છે. જીવનની વાસ્તવિક ઘડીને જોવાનો અને

> પરિવર્તન પરમાત્મા છે કારણ કે ફક્ત પરિવર્તન જ અનંત છે. વાસ્તવિક ધર્મ એ જ જોય છે કે શું ક્ષણિક છે અને ફક્ત નશ્વર છેઃ આકાશમાં તૂટતા તારા, લીલા ફૂલની સુગંધ, બાળકનો કિલ્લોલ, કોઇની આંખોમાં ખુશીનાં અશ્રુ, હવાઓનો પોકાર, બસ હવા...વાસ્તવિક ધર્મ આ જીવનને જુએ છે અને પારને પામી લે છે

## ઓશો વાણી

વિકાસ અને વિકાસની પીડાને જોવાનો અભિગમ ધ્યાન છે. દાર્શનિકતા ભટકાવે છે, ધર્મ અને શાસ્ત્ર દગો આપે છે. રાજનીતિ તમને મૂર્ખતાપૂર્ણ વાતોમાં ભરમાવી રાખે છે, કળા ફક્ત ઓરડાને સુશોભિત કરે છે અને વિજ્ઞાન હજુ એટલું સાહસી નથી કે વાસ્તવિક સમસ્યાને ઉકેલી શકે. તમે કેવી રીતે જીવી શકો જો તમે જીવનની વાસ્તવિક સમસ્યાનું સમાધાન નથી કર્યું. વાસ્તવિક સમસ્યા એ છે કે કેવી રીતે અતીતના પ્રત્યે મરતા રહેવું અને કેવી રીતે ભવિષ્યના પ્રત્યે જન્મ લેતા જવું, કેવી રીતે ઝાંકળની જેમ તાજગીભર્યા રહેવું, કેવી રીતે વૃદ્ધ ન થવું. જીવનમાં મૃત્યુમાં તાજગી વિસરાવી ન જોઈએ. પોતાની ઉપર ધૂળ જમા ન થવા દો.

(ઓશો : ધ વિસડમ ઓફ ધી સેંડસ પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે)

# (શિવમહાપુરાણનો ટુંકસાર)

# દેવાધિદેવ મહાદેવ

## શ્રાવણ વિશેષ

વિનોદભાઈ માછી 'નિરંકારી'

શિવપુરાણ પૂર્ણતઃ ભક્તિનો ગ્રંથ છે, જેમાં કળિયુગના પાપકર્મથી ગ્રસિત વ્યક્તિની મુક્તિ માટે શિવભક્તિનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે.

ભગવાન ભોળાનાથ હંમેશાં ઉપકારી અને હિતકારી દેવ છે. શાસ્ત્રો અનુસાર ત્રિદેવોમાં શિવજીને સંહારના દેવતા માનવામાં આવે છે. અન્ય દેવી-દેવતાઓની પૂજા-અર્ચનાની સરખામણીએ શિવજીની પૂજા-અર્ચનાને અત્યંત સરળ માનવામાં આવે છે. અન્ય દેવી-દેવતાઓની જેમ શિવજીને સુગંધિત પુષ્પમાળાઓ અને મીઠા પકવાનની આવશ્યકતા નથી, શિવ તો માત્ર સ્વચ્છ જળ, બીલીપત્ર અને ધંતુરાથી જ પ્રસન્ન થઈ જાય છે.

શિવજીને મનોરમ વેશભૂષા અને અલંકારોની આવશ્યકતા નથી હોતી, તે તો ઔઘડ બાબા છે, જટાજૂટધારી છે. ગળામાં લપેટાયેલો નાગ અને રૂદ્રાક્ષની માળા, શરીર ઉપર વાઘામ્બંર, ચિતાની ભસ્મ લગાવેલી છે અને હાથમાં ત્રિશૂળ પકડેલા ભગવાન ભોળાનાથ સમગ્ર વિશ્વને પોતાના ડમરૂની કર્ણભેદી ધ્વનિથી નચાવે છે તેથી શિવજીને નટરાજની ઉપમા આપવામાં આવી છે.

ભગવાન ભોળાનાથની વેશભૂષા પરથી જીવન અને મૃત્યુનો બોધ થાય છે. શિશ ઉપર ગંગા અને ચંદ્રમા જીવન તથા કળાનો સંકેત આપે છે. શરીર ઉપર લગાડેલી ચિતાની ભસ્મ મૃત્યુનું પ્રતીક છે. આ જીવન ગંગાની ધારાની જેમ વહેતું રહીને અંતમાં મૃત્યુરૂપી સાગરમાં લીન થઈ જાય છે.

ભગવાન શિવશંકરજી જનસુલભ તથા આડંબરવિહીન વેશ ધારણ કરે છે. શિવજી નીલકંઠ કહેવાય છે કારણ કે સમુદ્રમંથન સમયે જ્યારે દેવ અને અસુરગણ અદભુત અને બહુમૂલ્ય રત્નો મેળવી રહ્યા હતા ત્યારે તેમણે કાલકૂટ નામના મહાવિનાશક વિષને પોતાના કંઠમાં ધારણ કર્યું હતું, ત્યારથી શિવજી 'નીલકંઠ' કહેવાયા કારણ કે વિષના પ્રભાવથી તેમનો કંઠ નીલો પડી ગયો હતો. આવા પરોપકારી અને અપરિગ્રહી શિવના ચરિત્રનું વર્ણન કરવા માટે જ શિવમહાપુરાણની રચના કરવામાં આવી છે. સજ્જનો! તમામ પ્રભુપ્રેમી ભક્તોએ શિવપુરાણ અવશ્ય વાંચવું જોઈએ. શિવપુરાણ પૂર્ણતઃ ભક્તિનો ગ્રંથ છે, જેમાં કળિયુગના પાપકર્મથી ગ્રસિત વ્યક્તિની મુક્તિ માટે શિવભક્તિનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે.

મનુષ્યે નિષ્કામભાવથી પોતાનાં તમામ કર્મ ભગવાન શિવશંકરજીને અર્પણ કરી દેવાં જોઈએ. શિવપુરાણમાં સાત સંહિતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે મોક્ષકારક છે. શિવપુરાણના માહાત્મ્યમાં ચંચુલા નામની એક પતિસ્ત્રીની કથા આવે છે, જે શિવપુરાણ સાંભળીને પોતે સદગતિ પ્રાપ્ત કરે છે એટલું જ નહીં, પોતાના કુમાર્ગી પતિને પણ મોક્ષ અપાવે છે. આ ઉપરાંત દેવરાજ નામના પાપી, જેણે ધનના લોભથી અનેક લોકોની તથા પોતાનાં માતા-પિતા અને પત્નીની હત્યા કરી હતી. તેમજ તે વેશ્યાગામી અને શરાબી હતો તેમ છતાં શિવમહાપુરાણની કથાના પ્રભાવથી ભગવાન શિવના પરમધામને પ્રાપ્ત કરી મુક્ત થઈ ગયો હતો. તેની કથા પણ વર્ણવવામાં આવી છે.

**(૧) વિદ્યેશ્વર સંહિતા :** આ સંહિતામાં શિવરાત્રિ વ્રત, પંચકૃત્ય, ૐકારનું મહત્ત્વ, પાર્થિવ શિવલિંગની પૂજાનું માહાત્મ્ય અને દાનના મહત્ત્વનું વર્ણન કરવામાં આવ્યું છે. શિવજીના શરીર ઉપરની ભસ્મ અને રૂદ્રાક્ષનું મહત્ત્વ બતાવ્યું છે. રૂદ્રાક્ષ જેટલો નાનો હોય છે તેટલો વધુ ફળદાયી હોય છે. સર્વોત્તમ રૂદ્રાક્ષ એ છે જેમાં સ્વયં છેદ (કાણું) હોય છે. તમામ વર્ણના મનુષ્યોએ પ્રાતઃકાળે ઊઠીને સૂર્ય તરફ મુખ કરીને ભગવાન શિવનું ધ્યાન કરવું જોઈએ. પ્રત્યેક વ્યક્તિએ કમાયેલા ધનના ત્રણ ભાગ કરીને એક ભાગ ધનની વૃદ્ધિ માટે, એક ભાગ ઉપભોગ માટે અને એક ભાગ ધર્મ-કર્મમાં ખર્ચ કરવો જોઈએ. અંતમાં બંધન અને મોક્ષનું વિવેચન કરવામાં આવ્યું છે.

**(૨) રૂદ્ર સંહિતા :** આ સંહિતામાં શિવજીનું જીવનચરિત્ર છે, જેના વિવિધ ખંડો વિશે જોઈએ.

**સૃષ્ટિખંડઃ** શિવપૂજનની વિધિ અને તેનું ફળ,યજ્ઞદત્તના પુત્ર ગુણનિધિનું ચરિત્ર તથા શિવમંદિરમાં દીપદાનના પ્રભાવથી પાપમુક્ત થઈને બીજા જન્મમાં કલિંગ દેશના રાજા બનવું, કુબેરનું કાશીમાં આવીને તપ કરવું અને તપસ્યાથી પ્રસન્ન થઈ ઉમા-મહેશનું પ્રગટ થઈ દર્શન આપવું વગેરે વાતો દર્શાવાઈ છે. જગતનું આદિકારણ ભગવાન શિવને માનવામાં આવ્યા છે. શિવમાંથી જ આદ્યશક્તિ માયાનો આવિર્ભાવ થયો છે, ત્યાર બાદ શિવજીથી જ બ્રહ્મા અને વિષ્ણુની ઉત્પત્તિ બતાવી છે. અંતમાં ભગવાન શિવનું કૈલાસ પર્વત તરફ ગમન કરવાની કથા આવે છે.

**સતીખંડઃ** સતીના ચરિત્રનું વર્ણન, સતી અને શિવના વિવાહ તથા મધુર લીલાઓની કથા. દંડકારણ્યમાં શિવને ભગવાન રામ સમક્ષ મસ્તક નમાવતા જોઈને સતીને થયેલો મોહ અને શિવજીની આજ્ઞાથી રામની પરીક્ષા, શિવજી સાથે દક્ષનો વિરોધ, દક્ષયજ્ઞ વિધ્વંસ અને સતીનું પાર્વતીના રૂપમાં હિમાલયને ત્યાં જન્મ લેવો, સદાશિવથી ત્રિદેવોની ઉત્પત્તિ, બ્રહ્માજી દ્વારા દેવતાઓ વગેરેની સૃષ્ટિ તથા દેવી સંધ્યા અને કામદેવનું પ્રાગટ્ય તથા વિવાહનું વર્ણન,



બ્રહ્માની માનસપુત્રી સંધ્યાનું આખ્યાન, મહર્ષિ મેધાતિથિના યજ્ઞની અગ્નિમાં સંધ્યા દ્વારા શરીર ત્યાગ, ફરીથી અરૂંધતીના રૂપમાં યજ્ઞાગ્નિમાંથી ઉત્પત્તિ તથા મહર્ષિ વશિષ્ઠ સાથેના લગ્નની કથા આવે છે.

**પાર્વતીખંડઃ** હિમાલયના મેના સાથે વિવાહ, દેવી ઉમાનું મેનાના ગર્ભમાં આવવું, પાર્વતી નામકરણ અને બાળલીલા, નારદમોહની કથા, ભગવાન વિષ્ણુ પાસે તેમનું રૂપ માંગવું અને વિષ્ણુને શાપ આપવો. સતીનો દક્ષ-યજ્ઞમાં દેહત્યાગ અને માતા પાર્વતી સાથેના વિવાહનું વિસ્તારથી વર્ણન છે. કામદહન, શંખચૂડ સાથે યુદ્ધ અને તેના સંહારની કથાનું વિસ્તારથી વર્ણન છે.

**કુમારખંડઃ** શિવ-પાર્વતીનો કૈલાસ ઉપર વિહાર, ભગવાન શિવના તેજથી કાર્તિકેયનો જન્મ, છ કૃતિકાઓ દ્વારા સ્તનપાન કરાવવું, કાર્તિકેયની બાળલીલાઓ, તારકાસુર સાથે ભીષણ સંગ્રામ અને તારકાસુર વધ. ગણેશજીની ઉત્પત્તિનું આખ્યાન, વિશ્વરૂપની બે કન્યાઓ સિદ્ધિ અને બુદ્ધિ સાથે ગણેશજીના લગ્ન અને તેમનાથી શુભ અને લાભ નામના બે પુત્રોની ઉત્પત્તિ, કાર્તિકેયનું પૃથ્વી પ્રદક્ષિણા કરી પરત આવવું તથા નારાજ થઈને ક્રૌંચ પર્વત ઉપર ચાલ્યા જવું.

**યુદ્ધખંડ (અન્ય ચરિત્રો):** ક્ષારસમુદ્રમાં ભગવાન શંકરની નેત્રાગ્નિથી સમુદ્રના પુત્રના રૂપમાં જાલંધરનું પ્રાગટ્ય, કાલનેમિની પુત્રી વૃંદા સાથે તેનાં લગ્ન અને તેમનું જીવનચરિત્ર. શંખચૂડ તથા અંધકાસુરની ઉત્પત્તિ તથા તેના જીવનચરિત્રની કથા.

**(૩) શતરૂદ્ર સંહિતા :** આ સંહિતામાં શિવજીના અન્ય ચરિત્રોમાં હનુમાનજી, શ્વેતમુખ અને ૠષભદેવનું વર્ણન છે અને તેમને શિવના અવતાર કહ્યાં છે તેમ જ શિવજીના સુરમ્ય મનમોહક અર્ધનારીશ્વર રૂપ ધારણ કરવાની કથા કહી છે. આ સ્વરૂપ સૃષ્ટિ-વિકાસમાં મૈથુની ક્રિયાના યોગદાન માટે ધારણ કરવામાં આવ્યું હતું. શિવરાત્રિ વ્રત માહાત્મ્યમાં શિકારી અને સત્યવાદી મૃગ પરિવારની કથા આવે છે. ભગવાન કેદારેશ્વર જ્યોતિર્લિંગના દર્શન પછી બદ્રીનાથમાં ભગવાન નર-નારાયણનાં દર્શન કરવાથી મનુષ્યના તમામ પાપ નષ્ટ થાય છે અને તેને જીવનમુક્તિ પ્રાપ્ત થાય છે. ભગવાન શિવના પિપ્પલાદ, વૈજનાથ અને દ્વિજેશ્વર વગેરે અવતારોનું વર્ણન છે. શિવપુરાણનું અધ્યયન કરવાથી અજ્ઞાન નષ્ટ થાય છે. આ સંહિતામાં વિવિધ પ્રકારના પાપો અને કયા પાપ કરવાથી કયા નરકની પ્રાપ્તિ થાય છે તેનું વર્ણન છે તથા પાપ થયા પછી પ્રાયશ્ચિત્તનો ઉપાય પણ બતાવ્યો છે.

**(૪) કોટિરૂદ્ર સંહિતા :** આ સંહિતામાં બાર જ્યોતિર્લિંગ અને ઉપલિંગોના માહાત્મ્યનું વર્ણન તથા મહર્ષિ અત્રિ-અનસૂયાના જીવનચરિત્રનું વર્ણન આવે છે.

**(૫) ઉમા સંહિતા :** આ સંહિતામાં માતા પાર્વતીજીના અદભુત ચરિત્ર તથા તેમના સંબંધિત લીલાઓનો ઉલ્લેખ છે. જો કે પાર્વતીજી ભગવાન શિવજીના અડધા ભાગમાંથી પ્રગટ થયેલાં છે અને ભગવાન શિવનું જ આંશિક સ્વરૂપ છે એટલે આ સંહિતામાં ઉમા-મહિમાનું વર્ણન કરીને અપ્રત્યક્ષ રૂપે ભગવાન શિવજીના અર્ધનારીશ્વર સ્વરૂપનું માહાત્મ્ય પ્રસ્તુત કરેલું છે.

> ભગવાન ભોળાનાથની વેશભૂષા પરથી જીવન અને મૃત્યુનો બોધ થાય છે. શિશ ઉપર ગંગા અને ચંદ્રમા જીવન તથા કળાનો સંકેત આપે છે. શરીર ઉપર લગાડેલી ચિતાની ભસ્મ મૃત્યુનું પ્રતીક છે. આ જીવન ગંગાની ધારાની જેમ વહેતું રહીને અંતમાં મૃત્યુરૂપી સાગરમાં લીન થઈ જાય છે.

**(૬) કૈલાશ સંહિતા :** આ સંહિતામાં ૐકારના મહત્ત્વનું વર્ણન છે. આ સિવાય યોગનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં વિધિપૂર્વક શિવોપાસના અને બ્રહ્મજ્ઞાનીની વિવેચના છે. ગાયત્રી જપનું મહત્ત્વ તથા વેદોના બાવીસ મહાવાક્યોના અર્થ સમજાવ્યા છે. ભગવાન શિવ ચરાચર જગતના એકમાત્ર દેવતા છે. શિવના નિર્ગુણ અને સગુણ રૂપનું વિવેચન છે. સમય કાઢીને શિવપુરાણનો પાઠ કરવો જોઈએ કારણ કે સંસારની તમામ વાસના-તૃષ્ણાઓ તેના સ્વાધ્યાયથી દૂર થાય છે તથા તમામ મનોકામનાઓ પૂર્ણ થઈને શિવલોકની પ્રાપ્તિ થાય છે.

**(૭) વાયવીય સંહિતા :** આ સંહિતામાં કાળના મહિમાનું વર્ણન, ઉપમન્યુ આખ્યાન, ભગવાન શિવના અવતાર યોગાચાર્યો અને તેમના શિષ્યોની નામાવલી, વર્ણાશ્રમ અને નારીધર્મનું વર્ણન, પંચાક્ષર-મંત્રનનાં મહિમા અને માહાત્મ્ય, ગુરુ પાસેથી મંત્ર લેવાની અને જપ કરવાની વિધિ, શિવલિંગ અને શિવમૂર્તિની પ્રતિષ્ઠાવિધિ, યોગના અનેક ભેદ તથા તેના આઠ અંગોનું વિવેચન અને ધ્યાન તથા તેના મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે.

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ || લેખાંક-૭૯

# બળભદ્રે વિશેષ સ્નેહનું રહસ્ય જાણ્યું

## અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

અગાઉના લેખમાં સમજ્યા તેમ સર્વ વાછરડારૂપ અને સર્વ બાળકોરૂપ પોતે જ રક્ષ્ય અને રક્ષક ભાવ પામેલા શ્રીકૃષ્ણને વૃંદાવનમાં ક્રીડાઓ કરતા એક વર્ષ પૂરું થવા આવ્યું. વર્ષ પૂરું થવામાં પાંચ - સાત દિવસ બાકી હતા ત્યારે એક દિવસ શ્રીકૃષ્ણની સાથે વનમાં ગયેલા બળભદ્રને વ્રજવાસી સ્ત્રીપુરુષનાં પોતાનાં બાળકો પર અને ગાયોના પોતાના વાછરડાઓ પર એક વર્ષથી શરૂ થયેલી આ વિશેષ સ્નેહરૂપી લીલાની નવાઈનો અનુભવ થવા માંડ્યો.



એક દિવસે અજન્મા ભગવાન વાછરડાઓ ચરાવવા માટે બળભદ્ર સાથે વનમાં દાખલ થયા. તે વખતે દૂર ગોવર્ધન પર્વતના ઉપરના ભાગમાં ખડ ચરતી ગાયોએ, વ્રજના પાદરમાં ખડ ચરતા પોતાના મોટા વાછરડાઓને (એટલે કે જે વાછરડાઓ હવે ધાવતા નહોતા તેમને) જોયા અને જોતા જ સ્નેહથી પરવશ થઈને શરીરોના ભાનને પણ ભૂલી ગઈ. પર્વત પર તેમને ચરાવી રહેલા તેમના માલિક ગોવાળોએ રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમના પ્રયત્નોને પણ નહિગણકારીને, પર્વતના અતિવિષમ માર્ગથી પણ ડર્યા વગર, પૂંછડાઓને તેમ જ મોઢાઓને ઊંચા કરી અને હુંકાર કરતી કરતી તથા અપાર વાત્સલ્યના કારણે આંચળોમાંથી સ્ત્રવી રહેલી દૂધની ધારા વડે રસ્તાઓને ભીંજવતી ભીંજવતી, બબ્બે પગે દોડીને વાછરડાઓની પાસે આવી પહોંચી.

આ સમયે જો કે તમામ ગાયો ધાવણા વાછરડાઓવાળી હતી અને વ્રજના પાદરમાં ખડ ચરતાં પોતાના આ મોટા વાછરડાઓ તો ધાવણા નહિ પણ મોટા હતા છતાં પણ ગાયો તે વાછરડાઓને ખૂબ જ સ્નેહથી ધવડાવવા માંડી અને તેના શરીરનાં અંગો ચાટવા માંડી. આ રીતે આ ગાયોમાં અને વાછરડાઓમાં એક પ્રગાઢ કહી શકાય તેવું, એક અલગ જ પ્રકારનું પ્રેમબંધન દેખાવા માંડ્યું. બીજી તરફ પોતાની ગાયોને અટકાવવાનો પ્રયત્ન કરનાર અને તેમને ગણકાર્યા વગર ભાગી આવેલી ગાયો પર ગુસ્સે ભરાયેલા, પોતાના પ્રયત્નો વ્યર્થ જવાથી લજાઈ ગયેલા તેમ જ નાખુશ થઇ ગયેલા તમામ ગોવાળો પોતપોતાની ગાયોના રક્ષણ માટે પર્વત પરના વિષમ માર્ગ પરથી ઊતરવાનું કષ્ટ વેઠીને નીચે આવ્યા.

ત્યાં આવીને જોયું તો પોતપોતાના પુત્રો (એટલે કે તેમના પુત્રોના રૂપમાં રહેલા ભગવાન) વાછરડાઓને ચરાવી રહ્યા હતા. આથી ક્લેશ, કોપ, લજ્જા, મૂઢતા અને મહેનત એમ પાંચે પ્રકારના ગાયો પર ઉત્પન્ન થયેલા ક્રોધને ભૂલી જઈને તેમના અંતઃકરણ પ્રેમથી તરબોળ બન્યા. હવે તેઓ પણ પુત્રો પરના પ્રેમથી પરવશ થઈ તેઓને બંને હાથ વડે આલિંગન આપવા માંડ્યા. તેમના શરીર પર પ્રેમથી હાથ ફેરવવા માંડ્યા, વારંવાર તેમના મુખને ચૂમવા માંડ્યા અને આનંદના અશ્રુઓથી ઘેરાઈ જઈ રોમાંચિત થઈ જવા માંડ્યા. તેમનાથી છૂટવાનું નહિ ગમવા છતાં પણ ધીરે ધીરે માંડ તેમનાથી છૂટા પડ્યા અને પુત્રોના આલિંગનમાં ભીજાઈ જવાથી અશ્રુવ્યાપ્ત થવા માંડ્યા.

આ જોઈ શ્રીકૃષ્ણ સાથે રહેલા બળભદ્ર વિચારવા માંડ્યા કે, "જે રીતે પહેલા સઘળા વ્રજવાસીઓનો શ્રીકૃષ્ણ પર પ્રેમ વધતો જતો હતો તેમ હવે સઘળા બાળકો પર પણ વધતો જાય છે. કેવળ વ્રજવાસીઓનો જ નહિ પરંતુ હવે મારો પણ બાળકોની ઉપર પ્રેમ વધતો જાય છે અને ફક્ત બાળકોની ઉપર જ નહિ પરંતુ વાછરડાઓ પર પણ પ્રેમ વધતો જાય છે. ગાયોને પણ ધાવણા વાછરડાઓ કરતાં જૂના મોટા વાછરડાઓ કે જેમણે સ્તનપાન પણ છોડી દીધું છે તેમના પર પણ પ્રેમ વધતો જાય છે. આ અદભુત પ્રેમ રહસ્યાત્મક જણાય છે. તો આ થવાનું કારણ શું હશે? શું આ કોઈ દેવની, અસુરની કે મનુષ્યની માયા હશે? માયા હોય તો તે શું કામ ગોઠવવામાં આવી હશે? ખાસ કરીને આ માયા શ્રીકૃષ્ણની હોય તેમ જણાય છે કારણ કે તેની માયા સિવાય અન્ય કોઈની પણ માયાથી મને મોહ ઉત્પન્ન થાય તે શક્ય નથી."

આમ વિચારતાં વિચારતાં બળભદ્ર ધ્યાન દ્રષ્ટિથી અવલોકન કરવા માંડ્યા. ત્યારે તેમના મનમાં ઊઠી રહેલા વિચારવમળના કારણે અને તેમની જ્ઞાનમય દ્રષ્ટિના કારણે સઘળા બાળકો અને વાછરડાઓ તેમને શ્રીકૃષ્ણરૂપ જ દેખાવા માંડ્યા. સર્વને શ્રીકૃષ્ણરૂપ જોઈ આશ્ચર્યચકિત થયેલા બળભદ્રે શ્રીકૃષ્ણને પૂછ્યું કે, "સર્વ બાળકો દેવતાઓના અંશરૂપ હોય છે અને વાછરડાઓ, ૠષિઓ તથા ૠષિપત્નીઓના અંશરૂપ હોય છે એમ હું જાણતો હતો પરંતુ હમણાં મને તમે જ સર્વરૂપ દેખાઓ છો તો મને આવું કેમ થાય છે? અને જો હકીકતમાં આવું થાય છે તો આમ થવાનું કારણ શું છે?"ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે બળભદ્રને બ્રહ્માજીએ કરેલી તમામ હકીકત અને ત્યાર બાદ પોતે પશુધન અને બાળકોરૂપી કરેલો વિસ્તાર સંક્ષિપ્તમાં કહી સંભળાવ્યો.

> આ અદભુત પ્રેમ રહસ્યાત્મક જણાય છે. તો આ થવાનું કારણ શું હશે? શું આ કોઈ દેવની, અસુરની કે મનુષ્યની માયા હશે? માયા હોય તો તે શું કામ ગોઠવવામાં આવી હશે? ખાસ કરીને આ માયા શ્રીકૃષ્ણની હોય તેમ જણાય છે કારણ કે તેની માયા સિવાય અન્ય કોઈની પણ માયાથી મને મોહ ઉત્પન્ન થાય તે શક્ય નથી

બીજી તરફ બાળકોને તથા વાછરડાઓને હરી લઈ તેઓને બ્રહ્મલોકની અંદર માયાના શયનમાં સુવડાવ્યા પછી બ્રહ્માજી, હવે શ્રીકૃષ્ણ શું કરે છે? વાછરડા અને ગોપ બાળકોને ક્યાં શોધે છે? તે કૌતુક જોવા માટે અદ્રશ્યરૂપે એક જ ક્ષણમાં વૃંદાવનમાં પાછા આવ્યા. તેમને ભગવાન શ્રીકૃષ્ણ બાબતનો જે મોહ ઉત્પન્ન થયો હતો તેનાથી તેઓ મનમાં તો ભયભીત હતા જ કે શ્રીકૃષ્ણની લીલા જોવા માટે મેં કરેલું આ કૃત્ય આગ સાથે રમવા જેવું જ છે. શ્રીકૃષ્ણ મારા સ્વામી છે અને મેં કૌતુકથી જ તેમનાં વાછરડાઓ અને બાળકો ચોર્યાં છે. આવું વિચારીને તેઓ ઝડપથી ફક્ત એક ક્ષણમાં વૃંદાવનમાં પાછા આવ્યા પરંતુ કાળની ગણતરી પ્રમાણે, બ્રહ્માની એ એક ક્ષણમાં ભૂલોકમાં એક વર્ષ વીતી ગયું હતું.

(ક્રમશઃ)